નીદાએ હક.

યાને

વાજબી પોકાર.

શીઆ ઇમામી ઇસમાઇલી
દીનદારો માટે

છપાવી પ્રગટ કરનાર.

હાસમ બોઘા માસ્તર

ઈસમાઇલી બુક એજન્સીના માલેક.

મુંબઇ.

લેડી નૉર્થકોટ હિંદુ ઑરફનેજ કે. એન. સેલર, પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું.

હીજરી સન ૧૩૨૮. ઇસવી સન ૧૯૧૦.

કિંમત ૧ એક આનો

પ્રસ્તાવના.

કુરાને શરીફ—સુરે બકર.

વલ ફીતનતો અકબરો મીનલ કત્લે, વલ્લાહો લા યુહીબ્બુલ ફસાદ.

તરજુમો.

ફીતના કરાવવામાં કતલ કરતાં વધારે પાપ છે. ખુદાવંદતાલા ફીતના ફીસાદને ચાહતો નથી.

પાક **કુરાને શરીફ**ની ફકત આ એકલી આયાત અમુલ્ય છે; પોતાને મુસલમાનમાં ગણાવનાર શખ્સ, આવી અમુલ્ય નસીહતને વીસારી મુકે, એ ખરેખર અફસોસકારક છે, પરંતુ બીજા લોકોને જ્ઞાન આપનાર, પુસ્તક કર્ત્તાઓ, પાક **કુરાને શરીફ**ની આ ઝળકતી આયાત સામે આંખ બંધ રાખતા માલમ પડે, ત્યારે આપણા અફસોસની કાંઇ સીમા રેહેતી નથી.

શીઆ ઈમામી ઇસમાઈલી મઝહબ.

એ પાક દીને ઈસલામનો એક ફીરકો છે. આ ફીરકાવાળાઓએ પાક **નબી મહમદ મુસ્તફા**ના બુલંદ કલમાનો સ્વીકાર કરેલો છે. પાક **નબી મહમદ મુસ્તફા**ના ઈસલામ ફેલાવવામાં

મુખ્ય મદદગાર સ્થંભ હજરત **મૌલા મુરતઝાઅલીને** તેઓ પોતાના **પેહેલા ઇમામ** ગણે છે. અને ખુદાવંદતાલાના ખાસ નુર પાક **નબી** તથા **અલી** ના તખ્ત પર બીરાજનાર હરેક ઈમામ પ્રત્યે, તેઓ **અલી નબી** ના જેવોજ ભકિતભાવ ધરાવે છે. શીઆ ઈમામી ઇસમાઇલી મઝહબ વાળાનો આ સિદ્ધાંત, એ ફિરકામાંથી નીકળી જનારા સારી પેઠે જાણી ચુકેલા હોય છે; કારણ કે, તેઓ અસલ શીઆ ઇમામી ઈસમાઈલી મઝહબમાંજ હતા, પરંતુ કાંઇ કારણને લઇને તેઓ વાટ મુકીને આડે અવડે માર્ગે ચડી ગએલા છે. નામદાર બ્રિટીશ સરકારના રાજ્યમાં જેને જે ધર્મ પસંદ પડે, ત્યાં જવાને દરેક છુટ તથા હક છે. તેમજ દરેક ધર્મના વિદ્વાનો પોતાના ધર્મની ખુબીઓ કાયદાસર પબલીકમાં પ્રગટ કરવામાં મુખતીઆર છે. હરેક ધર્મના વિદ્વાનો વાજબી રીતે પોતાનાં ધર્મની ખુબીઓ પબલીકમાં દેખાડી મગરૂરી માનતા આવેલા છે. પરંતુ શીઆ ઈમામી ઇસમાઇલી દીનમાંથી નીકળી જનાર કેટલાક કહેવાતા વિદ્વાન ગ્રંથકર્ત્તાઓએ વિદ્વાનોના આ મહાન નિયમથી ઉલટી રીતે, જે પાક શીઆ ઈમામી ઈસમાઈલી દીનમાંથી તેઓ નીકળી ગયા છે, તે પાક દીન, અથવા તે પાક દીન પાળનાર, અથવા એ પાક દીનના રાહનુમા ઇમામો તરફ, હડહડતી બદનકશી ભરેલી ગીબત તથા નિંદા કરવામાંજ પુસ્તક કર્ત્તા તરીકેનું પોતાનું કર્ત્તવ્ય સમજી લીધું છે. આવા અધમ લેખકોને કોઇ ધર્મવંતા, તથા નીતિવાન લોકો કદી પણ આશ્રય આપે નહીં. પરંતુ અજબની વાત છે કે, આ જગતમાં એવા પણ નર પડેલા છે કે આવા અધમ લેખને એક અમુલ્ય ચીજ સમજીને ખરીદે છે. સામા પક્ષની બદનકશી તથા ગીબતના લેખ લખવાથી દુનીઆઇ લાભ સચવાતા હોવાથી, એવા પાપી લખાણ કરનારા વધારે દીલાવર બનતા જાય છે. અધર્મ એ પોતેજ નીચ વસ્તુ

છે અને અધર્મને ટેકો આપવો, એ તેનાથી વધારે નીચ છે. **હિદાયત પ્રકાશ નામે એક** પુસ્તક, જે જંગબારમાં ફાજલ જાનમાંમદ માસ્તર તરફથી પ્રગટ થવા પામ્યું છે, તે પુસ્તકના અડશઠમા પાનામાં શીયા-ઇમામી ઇસમાઈલી મઝહબના છેતાલીશમા ઈમામ આગા **શાહ હુસનઅલી** અથવા સડતાલીશમા ઈમામ, આગા **અલીશાહ** દાતાર સામે, એક ભયંકર બદનકશી કરવામાં આવેલ છે. એ પાક ઇમામોને શીઆ ઇમામી ઈસ્માઈલી દીનદારો ખુદાવંદતાલાનું ખાસ નુર ધરાવનાર અલી **નબીના** તખ્તપર બીરાજનાર પાક ઇમામો ગણે છે. શીઆ ઇમામી ઈસમાઇલીઓની આ માન્યતાથી એ પુસ્તક રચનાર ફાજલ જાનમાંમદ માસ્તર પણ અજ્ઞાન નથી, એવું તેનાજ પુસ્તકપરથી સાબીત થઇ શકે છે. જ્યારે એ પુસ્તક કર્તા શીઆ ઈમામી ઇસમાઇલીઓની આવી માન્યતા વિષે સ્વીકાર કરે છે, ત્યારે એ કોમના એવા પાક ઇમામોની અધમ બદનકશી કરવામાં તેણે કેવા ફીતના તથા ફીસાદની ભયંકર આતશને જન્મ આપ્યો છે, તે સેહેજ જાણી શકાય છે. જો પોતાના ધર્મની ખુબીઓ સમજાવવાની શક્તિ ન હોય, તો પછી પુસ્તક કર્તાઓના પ્રમાણિક ધંધાને કલંક લગાડવું, એ સદ્ગ્રહસ્થોને છાજતું નથી. જો પોતાના ધર્મની ખુબીઓ સમજાવવાની શકિત ન હોય, તો પછી બીજાના ધર્મ, અથવા ધર્મ પાળનાર અથવા ધર્મ ગુરૂઓ ઉપર નિંદક હુમલા કરી, પેટ ભરાઇ કરવા કરતાં, એ પેટમાં બળતા અંગારા ભરી, સંતોષ માનવો, એ વધારે બેહિતર છે. પુસ્તક કર્તાઓની પાક ફરજ પ્રમાણે, જગતમાં ઉપકાર કરનારાં લખાણો પ્રગટ કરવાની પોતામાં શકિત ન હોય, તો પછી જગતમાં ફીતના ફીસાદની આગ ફેલાવનારની જીંદગીને ધિક્કાર છે.

કુરાને શરીફ સુરે બકર.

ઈઝા કીલ લહુમ લા તુફ્સેદૂ ફીલ અરઝે.
કાલૂ, ઈન્નમા નહનુ મુસલેહૂન.
અલા ઈન્નહુમ, હુમુલ મુફ્સેદૂના
વ લાકીન લા યશઉરૂન.

મતલબ.

જ્યારે તેમને કહેવામાં આવે છે કે જગતમાં ફીસાદ નહીં કરો, ત્યારે તેઓ કહે છે કે અમે માત્ર સુધારો કરનારા છીએ. જાણો કે તેઓ પોતેજ ફીસાદ કરનારા છે. પણ તેઓ જાણુતા નથી.

નીદાએ હક.

પુસ્તક પ્રગટ કર્ત્તાઓની ફરજ.

હાલનો વર્તમાન કાળ, એ ભૂતકાળ તથા ભવિષ્યકાળ રૂપી સાંકળની વચલી કડી છે. ભૂતકાળમાં બનેલા બનાવો, ભૂતકાળની હુનર કળાઓ, ભૂતકાળના ઇતિહાસો, ભૂતકાળના ધર્મ શાસ્ત્રો, ભૂતકાળની ફીલસુફીઓ, ભૂતકાળની શોધ ખોળો વગેરે વિષયોનું ભવિષ્યની પ્રજાને જ્ઞાન આપવાનું મહાભારત અને પ્રમાણિક કામ પુસ્તક કર્તાઓ માટે નિર્માણ છે. પુસ્તક કર્તાઓ પોતાની ફરજ પ્રમાણે, જો નેક નિષ્ટાથી પોતાનું કર્તવ્ય બજાવે, તો દુનીઆમાં મહા પુન્યવંત ગણાતા કામની સફમાં તેનું કર્તવ્ય જગ્યા મેળવી શકે છે, કારણકે અનુભવથી લખાએલું પ્રમાણિક નિષ્ટાદાર પુસ્તક જગતને મહા ઉપયોગી છે. આપણા જમાનામાં જે જે સુધારા વધારા, હુનર, કળા, કૌશલ્ય, તવારીખો, ફીલસુફીઓ વગેરે જોવામાં આવે છે, તે પુસ્તક કર્તાઓ મારફતે વંશપરંપરા ઉતરતાં આવેલ છે. પ્રમાણિક પુસ્તક કર્તાઓની નેક અને ધાર્મિક લાગણી ભરેલી કોશેશથીજ જગતના સુધારા વધારા જળવાતા આવેલ છે, એટલુંજ નહીં, પણ દિન પ્રતિદિન સુધારા વધારાની ચડતી થતી રહે છે. પ્રમાણિક પુસ્તક કર્તાઓ તરફથી દુનીઆને જે લાભ થયા છે, થાય છે, અને થશે, તેની હદ કોઇથી પણ બાંધી શકાતી નથી.

બીજી બાજુએ વિચાર કરતાં, દેખાય છે કે જે પુસ્તક કર્ત્તાઓ નીતિના ઈશ્વરી નિયમોથી વિરૂદ્ધ વરતી, જગતમાં ફીતના તથા ફીસાદ ઉઠાવનારાં લખાણો પ્રગટ કરે છે, અને પુસ્તક કર્ત્તાઓના પવિત્ર ધર્મને વીસારી મુકી, ધર્માંધ લોકોને ક્ષણ વાર રાજી કરી, ફકત પૈસાનો સ્વાર્થ સાધી લેવા માટે, બીજા પક્ષકારો ઉપર અધમ નિંદક હુમલા કરેછે, તેના જેવું નીચ અને દુષ્ટ કર્ત્તવ્ય બીજું કોઇ પણ ગણી શકાતું નથી.

આ સંક્ષિપ્ત લેખમાં જે પુસ્તકનું વર્ણન આપવામાં આવે છે તે પુસ્તક લખનારને એક પવિત્ર પુસ્તક કર્તા અથવા અધમ નિંદક પેટભરૂની ઉપમા આપવી, એ બાબતનો ઇનસાફ વાંચનારાઓની મુનસફી ઉપર રાખીએ છીએ.

હિદાયત પ્રકાશ.

યાને

મુલ્લાં કાદર હુસેનનું જીવન ચરિત્ર.

છાપી પ્રગટ કરનાર

ફાજલ જાનમાંમદ માસ્તર.—જંગબાર

જીલહજ ૧૩૨૭ હીજરી.

હુસેની છાપાખાનું જંગબાર

આ ટાઇટલ પેજવાળું પુસ્તક અમારા હાથમાં આવેલું હોવાથી, અમે તે પુસ્તકનાં અગત્યનાં પાંચ સાત પાનાંની નોંધ લઇ, વાજબી વિવેચન કરીએ છીએ, અને એ પુસ્તક પ્રગટ કરનારને પુસ્તક પ્રગટ

કરનારાઓના બે વર્ણવેલા વિભાગોમાં કયો નંબર આપવા, એ હરેક વાંચનારની સ્વતંત્ર મુનસફી ઉપર રાખીએ છીએ.

હિદાયત પ્રકાશની કહેવાતી પેદાશ.

આ પુસ્તકમાં પ્રાથમિક એવો દેખાવ રજુ કરવામાં આવેલો છે કે એ પુસ્તક મુલ્લાં કાદર હુસેને ઉરદુ ભાષામાં પોતાનું જીવન ચરિત્ર લખ્યું હતું તેનો તરજુમો છે.

મરહુમ ખોજા કિલુ ખટાઉનો હેવાલ.

હિદાયત પ્રકાશ પાનાં ૬૭-૬૮.

" બંદએ ના ચીઝ, મુલ્લાં કાદર હુસેન કહે છે કે જે સમયમાં ગુપ્ત રીતે મને મારી નાંખવાની તજવીજો થતી હતી, તે સમયમાં અરધી રાત્રીએ એક માણસ અચાનક મારી પાસે આવ્યો અને સલામ કરી, નમાઝના કેટલાક મસાએલ પુછયા. તેને મસાએલના જવાબો આપ્યા બાદ, મેં તેને પુછયું કે તમે કોણ છો? તેણે જવાબ આપ્યો કે હું જાતનો ખોજો છું. અને મારૂં નામ કિલ્લુ ખટાઉ છે. આજે આ મસાએલ પુછવાની અગત્ય જણાયાથી આવ્યો હતો. મેં પુછયું કે તમે નમાઝ પણ પડો છો? જવાબ આપ્યો કે હા, નમાઝ પડું છું. મેં પુછયું કે નમાઝ તમોને કોણે શીખવાડી? જવાબ આપ્યો કે તમારી ચીરાગે હીદાયતે. ત્યાર બાદ તે ચાલ્યો ગયો. અને એવીજ રીતે, તેઓ અરધી રાત્રીએ અવાર નવાર આવતા હતા. અને જે મસાએલ પુછવાની જરૂર હોય તે પુછીને ચાલ્યા જતા હતા. તે એટલે સુધી દીન ઇસલામ-

ના એતેકાદમાં ચુસ્ત થઇ ગયા, ત્યારે એક દીવસ કહેવા લાગ્યા કે "એક દીવસે અમો ત્રણ ખોજાઓ અને અમારો **સરદાર** વાડીના બંગલામાં હોજને કાંઠે બેઠા હતા. **સરદાર**ના હાથમાં જે શીશી હતી, તે મને બતાવી કહ્યું કે તેમાં ઝેર છે, અને તે એવું તો હલાહલ છે કે જો તેનું એક ટીપું હોજમાં પડી જાય, તો સઘળા પાણીમાં ઝેરનો અસર પ્રવેશ થઇ જાય. આ ઝેરને તમો લઇ જાઓ, અને આ મહીનો **માહે રમજાન**નો છે, તેથી મુલ્લાં કાદર હુસેનને ઘેર ખોજાઓ રોજા ખોલવા વખતે નમાઝ પડવા માટે જાય છે, તમો પણ નમાજી બનીને જાઓ, અને ખજુરની બે પેશીમાં ઝેરનું એક ટીપું નાંખી, તમે ખુદ મુલ્લાંને ખવરાવો. અને ખલફાન રતનશી પણ ત્યાં હોય છે. જો બને તો એક પેશી તેને પણ ખવરાવો. તેમજ સારી સારી પેશીઓ બીજા નમાજીઓને ખવરાવો. તે વખતે મને ખુદાએ હીદાયત ફરમાવી, અને મને વિચાર ઉત્પન થયો કે આ લોકો કેવા પોતાને પેગંબર કહેવડાવે છે કે જેની શક્તિમાં એક મુલ્લાંને મારી નાંખવાનું બની શકતું નથી. જો કે પેગંબરને માટે તો એમ છે કે જો તે જમીનમાં ગારત થઇ જવાનો હુકમ કરે, તો તે જમીનમાં ગારત થઇ જાય, ભલે એક ફોજ હોય. એ શું વાત છે કે એક મુલ્લાંને કતલ કરવાનું બની શકતું નથી ? તેમ કરવાને કેવી કેવી તજવીજો થઇ રહી છે ! પરંતુ પેગંબર સાહેબનું કાંઇ વળી શકતું નથી. માલમ પડે છે કે આ પેગંબર નથી. તે વખતે મેં ઝેર આપવાની ના કહી. અને હમેશાં એજ ચિન્તામાં ફરતો હતો."

ઈસમાઈલી છેતાલીશમા અથવા સડતાલીશમા માનવંતા ઈમામો તરફ દુષ્ટ બદનકશી.

શીઆ ઈમામી ઈસમાઈલી ખોજાઓના છેતાલીશમા ઈમામ, મૌલાના આગા **શાહ હુસનઅલી** અથવા સડતાલીશમા ઈમામ, મૌલાના આગા **અલી શાહ** દાતારને બદનામ કરવાને માટે, ખોજા કિલ્લુ ખટાઉને નામે આ અહુવાલ આપવામાં આવેલ છે.

જેવી રીતે દેખીતા સોનાની પરિક્ષા કસોટી પર થાય છે, તેવી રીતે, ભૂતકાળના લખાણોની સત્યતા અથવા જુઠાપણું સાબીત કરવા માટે, વિદ્વાનોએ નિયમો ઘડેલા છે. એ કસોટીના નિયમોનો મુખ્ય પાયો એ છે કે કોઈ પણ કલામ એટલે વાત અસલ જેના મોઢામાંથી નીકળી હોય, અને જેટલા શખ્સોના હાથમાંથી તે વાત પસાર થઈ આવી હોય, તે સઘળાની ચાલચલણ, નિષ્ટા, અંગતની લાગણીઓ વગેરેની તપાસ લેવી. આ નિયમસર તપાસ લેવાથી, અમુક લખાણ સત્ય છે કે રદ બાતલ છે તે સહેલાઈથી સાબીત થઈ જાય છે.

ખોજા કિલ્લુ ખટાઉના મોઢાના અસલ બોલ તરીકે, આ લખાણ થએલું છે, માટે ઉપલા નિયમ પ્રમાણે, કિલ્લુ ખટાઉની કારકીર્દિની તપાસ લેવાની જરૂર છે. આ તપાસને માટે વધારે તસદી નહી લેતાં, એજ પુસ્તકમાં કીલ્લુ ખટાઉની કારકીર્દિ લખવામાં આવેલ છે, તેનો સાર અતરે રજુ કરીએ છીએ, જે ઉપરથી કિલ્લુ ખટાઉના બોલ કેટલું વજન પામે તે પ્રત્યક્ષ દેખાઇ આવશે.

કિલ્લુ ખટાઉની કરપીણ કારકીર્દિ

હિદાયત પ્રકાશ પાનાં ૭૧-૭૨

કિલ્લુએ ચાકુ કાઢી (હુસનભાઈ મુખી ઉપર) બે ચાર ઘા કીધા. મુખી ચકર ખાઇ ભોંઈ પર પડી ગયો. કિલ્લુ સમજયો કે કામ તમામ થઈ ગયું (હુસન મુખી મરી ગયો) ત્યાર બાદ એવીજ રીતે લોહી લોહાણુ વાળું ચાકુ લઈ, તે કરમાલી સુરજી પાસે ગયો, અને હાથ ઉંચો કરી કહ્યું કે કરમાલી મુખી, જરા આ ચાકુ અને મારા હાથને જુઓ. હું આજે એ શતરૂને મારી આવ્યો છું. કરમાલી મુખી આ જોઈ ગભરાયો અને કહ્યું કે આ શું કીધું? કીલ્લુએ કહ્યું કે હુસન મુખી તો ગયો, હવે જેની મરજી હોય, તે મારાથી બદલો લે. આ સાંભળી કરમાલી મુખીએ ચાહ્યું કે પોતાની જગો ઉપરથી ઉઠી જાય. અહીં હુસન મુખીને કંઈ શુદ્ધિ આવી. તેણે ઇચ્છયું કે કહી ભાગી જાય, તેટલામાં કીલ્લુની નજર તેના પર જઇ પડી. હવે બીજી વખત જઇ, બે ચાર ચાકુના ઘા દોડીને માર્યાં કે જેથી તે મરણ તોલ થઈ ગયો. હવે કીલ્લુ ઘણીજ હિંમતથી સડકપર ઉભો રહી કહેવા લાગ્યો કે મેં એક વિરાધીને માર્યો છે."

આ ખુનના સંબંધમાં કીલ્લુને ફાંસી દેવામાં આવી હતી.

મુલ્લાં કાદર હુસેનનું ઇસનાઅશરી મીશન

તથા

તેની અંગતની લાગણીઓ.

હિદાયત પ્રકાશના પાના ૬૮ માં, મૌલાના આગા **શાહ હસનઅલી** અથવા મૌલાના આગા **અલીશાહ** દાતાર તરફ, જે

ધિઃક્કાર પાત્ર બદનકશી ભરેલું લખાણુ આપવામાં આવ્યું છે, તેનો અસલ ઉરદુ ભાષામાં લખનાર, મુલ્લાં કાદર હુસેનને જણાવવામાં આવે છે. નંબર પેહેલા, કિલ્લુ ખટાઉ, જેના મોઢામાં આ શબ્દો મુકવામાં આવેલ છે, તેની ઇસમાઇલીઓ પ્રત્યેની વિરૂદ્ધતાની લાગણીઓ, તેના કર્ત્તવ્યો, તથા તેનો આખરી બુરો અંજામ જણાવ્યા પછી, હવે નંબર બીજા, મુલ્લાં કાદર હુસેનની કારકીર્દિનું થોડું વર્ણન આપશું.

મુલ્લાં કાદર હુસેન એક ધર્માંધ ઇસના અશરી હતો, અને કરબલા મોઅલ્લામાં મુજાવર હતો. જનાબ શેખ ઝેનુલ આબદીન માઝનદરાની, કે જેની તે તકલીદ કરતો હતો, તેના હુકમથી, તે મુબઇમાં ઇસના અશરી મઝહબના મીશનરી તરીકે આવ્યો હતો.

હિદાયત પ્રકાશના પાનાં ૭-૮ માં મુલ્લાં કાદર હુસેનને નામે લખવામાં આવે છે કેઃ—

“ જનાબ શેખ સાહેબ મને જવા માટે આગ્રહ કરતા હતા. અને હું કહેતો હતો કે ઇસ્તખારો જોઇ આપો. અને તે જનાબ ફરમાવતા હતા કે આ કામમાં ઇસ્તિખારો જોવાની જરૂર નથી. હું ઇસ્તખારો જોવાનું એટલા માટે કહેતો હતો કે મને પ્રાણ જવાની બીક હતી.”

જો ઉપલું વાકય મુલ્લાં કાદર હુસેનનું પોતાનાજ મુખનું હોય, તો એ મીશનરીની અક્કલ તથા અંદેશા ઉપર અફસોસ છુટે છે. મુંબઇ એ અદલ ઇનસાફી તથા બળવંતા બ્રીટીશ રાજ્યનું એક મોટું શેહેર છે. આ શેહેરમાં દરેક ધર્મના મીશનરીઓ જીંદગીની પુરતી સલામતી સાથે પોતાનું કામ બજાવી શકે છે. મુલ્લાં

કાદર હુસેનને કરબલા મોઅલ્લામાંજ પ્રાણ જવાની બીક શી રીતે પેસી ગઇ, તે વિચારવા જોગ સવાલ થઇ પડે છે. મુલ્લાં કાદર હુસેનની મુંબઇમાંની પ્રપંચી કારકીર્દિ તપાસતાં, તેના આ કેહેવાતા વાકયનો હેતુ જણાઇ આવે છે. પબલીકમાં વાએજ કરી, પોતાનો મઝહબ વધારે સારો સાબીત કરવાની શક્તિની ગેરહાજરીમાં, ખાનગી રીતે. પ્રપંચો કરી, ભોળા લોકોને ધર્મભ્રષ્ટ કરવાનો ઇલાજ તેણે હાથ ધર્યો હતો, અને તેમ કરવાનું વાજબીપણું સાબીત કરવા માટે, પ્રાણ જવાની બીકની દલીલ તેણે ઘડી કાઢી હોય, એ તદ્દના બનવા જોગ છે.

હિદાયત પ્રકાશ. પાનું ૧૪.

(મુલ્લાં કાદર હુસેન કેહે છે) " હવે હું ખુદાની તૌફીકથી, છુપી છુપી રીતે, દરેકની પાસે જતો હતો, અને જે મોમીનો હતા, તે છુપી રીતે મારી પાસે આવતા હતા. તે વખતે હું મારી દીલગીરી જાહેર કરી હક દીનની મદદ ચાહતો હતો. "

આ વાકયો કાંઇક ધાસ્તીના રૂપમાં લખવામાં આવેલ છે, પરંતુ અમોએ ઉપર કહ્યું તેમ, મુંબઈ જેવા ભરવસ્તીવાળા ગુલઝાર શેહેરમાં, એવી ધાસ્તીનું કોઈ પણ કારણ હસ્તી ધરાવતુંજ નથી. અનેક ધર્મના પ્રમાણિક મીશનરીઓ ભરી બજારોમાં છડેચોક પોતાના ધર્મને લગતી વાએજો કરી રહ્યા છે, અને તેમ કરવામાં કોઇ મીશનરીના પ્રાણને ધકો લાગ્યો નથી, તેમ પાપી અંતઃકરણના આત્મિક ડંખ અને ધાસ્તી વગર, બીજું કોઇ પણ બીકનું કારણ અનુભવવામાં આવતું નથી.

મુલ્લાં કાદર હુસેન ભોળા ખોજાઓને કેવા દાવપેચમાં સપડાવે છે, અને તેના પ્રપંચના સપાટામાં આવેલા લોકોના મુરદાંને પણ તેઓના વહાલાં સગાંની છેવટની આરામગાહથી જુદા પાડવાની ઉમદા કોશેશ કરી આપવાની કેવી ખાતરી આપે છે, તે મુલ્લાં કાદર હુસેનના પોતાનાજ કેહેવાતા શબ્દોમાં રજુ કરીએ છીએ.

હિદાયત પ્રકાશ પાનું ૧૪–૧૫.

(મુલ્લાં કાદર હુસેન કહે છે કે) " છેવટે મારા સવાલના જવાબમાં, જે હું વારંવાર કહેતો હતો કે, કેમ ભાઇઓ, હવે શું થશે ? શું દીનનો બજાર એમજ ઠંડો થઈ જશે ? શું તમો બે દીન થઇ જશો ? જવાબ મળતો હતો કે તો પછી અમો શું કરીએ ? મરી જઈએ ? અને મરી પણ જઇએ, તો ફરમાવો કે મરવા પછી દફન થવા માટે પણ જગો નથી ને ! મેં કહ્યું કે શીઆહ લોકોનું જે કબરસ્તાન છે, તેમાં દફન થવાને હું જામીન થાઉં છું. તેમણે કહ્યું કે અમે ખોજા હોવાને કારણે, અજમ લોક દફન કરવા નહીં આપે, તો અમારી લાશ રખડશે. આ સાંભળી મેં જવાબ આપ્યો કે આ બાબતનો બંદોબસ્ત હું કરીશ. તે પ્રમાણે મેં કોશેશ કરી, મતુબ્બી કબરસ્તાનવાળા પાસેથી ચીઠી મેળવી ખાતર જમા કરાવી આપી."

મુલ્લાં કાદર હુસેને ઇનસાનીઅતને નહીં છાજતી રીતે પોતાનો મઝહબ ફેલાવવા માટે, ખોજાઓ ઉપર, કેવી કેવી આફતોના વરસાદ વરસાવ્યા છે, તેનો ખીઆલ હમેશાં નજરની સામે ખડો રહો છે. તે મુલ્લાં સંપમાં વસતી એક નિર્દોષ વેપારી સાહસિક કોમની સંસારી અને આત્મિક સ્થિતિને, અધમ ગતિમાં લાવ-

વાનો પાયો માંડી ગયો છે. દુનિઆમાં સગાં વાહલાંમાં અફસોસ-કારક જુદાઈ તથા કુસંપ પડાવી, એક બીજાના અરસ્પરસ વેરી બનાવવામાં, તે સાધન ભૂત બન્યો હતો. એટલામાંજ નહીં ધરાતાં, આખરે તેમની છેવટની આરામગાહમાં પણ સગા વહાલાંના વિછોડા પડાવ્યા. આખરતની ભલાઇ તો ફકત બંદાના નેક કર્ત્તવ્ય ઉપર આધાર રાખે છે. ત્યારે હવે મુલ્લાં કાદર હુસેને ખોજાઓને ઇસમાઇલી મઝહબમાંથી ધર્મભ્રષ્ટ કર્યા, તેમાં તેમને કઇ જાતનો ફાયદો કરી આપ્યો, તે અમે બીલકુલ સમજી શકતા નથી. આ કહેવાતા ઇસલામી મીશનરીએ પાક દીનેં ઇસલામના **શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબમાં,** કીઆમતના દીવસ સુધી યાદગાર રહે, એવાં પ્રીતના પ્રીસાદનાં બી વાવ્યાં, એ કબુલ રાખવુંજ પડશે તો પણ ઇસલામી મીશનના સામાન્ય કાયદા પ્રમાણે, તે ઈસલામ વગરની બીજી કોઇ ગૈર કોમમાંથી, કોઈને પણ પાક દીને ઈસલામમાં લાવવાની બહાદુરી કરી શકયો નથી, એ ખરેખર ખેદકારક છે.

કિલ્લુની ફાંસી તથા દફન ક્રિયા.

ખુની પ્રત્યે મુલ્લાં કાદર હુસેનનો ધર્માંધ પ્યાર.

હિદાયત પ્રકાશ પાનું ૮૩.

કિલ્લુની ફાંસીનું વર્ણન કરતાં, એ પુસ્તકમાં લખવામાં આવેલ છે કે તેનો (કિલ્લુ ખુનીનો) આત્મા જન્નત તરફ ઉડી ગયો. કિલ્લુને મુગલોના કબરસ્તાનમાં દફનાવવામાં આવ્યો, તે વખતે, મુલ્લાં કાદર હુસેનના નામથી લખવામાં આવેલ છે કે " છેવટે મારી છાતી ઠોર રહી શકી નહીં. સારી પેઠે દીલ ખોલીને રોયો. અને મોહબતના

ઉભરામાં તે મરહુમને જોવા માટે ગુસલખાનામાં ગયો, જોયું તો કિલ્લુ એવો ખુબસુરત થઈ ગયો છે કે ઓળખાઈ શકતો નથી."

કમીશનર સાહેબ તથા મુલ્લાં કાદર હુસેન વચ્ચે વાતચીત.

હિદાયત પ્રકાશ પાનું ૮૦—૮૧

કમીશનર સાહેબે (મુલ્લાં કાદર હુસેનને) કહ્યું કે કિલ્લુ એક ખરાબ માણસ છે અને કરબલા મોઅલ્લા એક પવિત્ર જગા છે. આ ખરાબ માણસને એવી જગાપર શામાટે મોકલવો જોઇએ? મેં (મુલ્લાં કાદર હુસેને) કહ્યું એ તો આપ ખરૂં ફરમાવો છો કે કરબલા મોઅલ્લા એક પવિત્ર જગા છે. પણ ત્યાં એટલા માટે મોકલવામાં આવે છે કે તેના ગુનાહો માફ થઇ જાય. કમીશનર સાહેબે કહ્યું કે અઝાબ અને સવાબ તો આત્મા સાથે સંબંધ ધરાવેછે, માટે શરીર મોકલવાથી શું થવાનું હતું? મેં જવાબ આપ્યો કે અમારો એતેકાદ એવો છે કે અઝાબ અને સવાબ જે કાંઈ થશે, તે આ શરીર સાથેજ થશે. કમીશનર સાહેબે કહ્યું કે સરકારે પોલીસને રક્ષણ માટે મુકરર કીધા છે. અમારી ઇચ્છા એવી છે કે લાશને ધામધુમ સાથે ન ઉપાડો, અને લાશને કરબલા પણ ન મોકલો. અમે ખુદ જનાજા સાથે હશું, અને જે તરફથી લઇ જવી મુનાસબ ધારશું, તે તરફથી લઇ જશું.

વાજબી નિર્ણય

અમારા વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ કે હિદાયત પ્રકાશના પાના ૬૭ તથા ૬૮ માં, ઇસમાઇલી છેતાલીશમા ઇમામ મૌલાના આગા શાહ **હુસનઅલી** અથવા સડતાલીશમા ઇમામ, મૌલાના આગા **અલીશાહ** દાતારને બદનામ કરનારૂં જે અધમ લખાણ કરવામાં આવેલ છે, તેનો અસલ બોલનાર કિલ્લુ ખટાઉને જણાવવામાં આવે છે. આપણે ઉપર વાંચ્યું તેમ કીલ્લુ ખટાઉ **આગાખાની ઇસમાઇલી** દીનનો એક કટ્ટો વિરોધી હતો, એટલી હદ સુધી કે, આગાખાની ઈસમાઇલી ખોજા જમાતના તે વખતના મુખી સાહેબ હુસનભાઈનું ખુન કરવાનું કરપીણ કામ તેણે કીધું. એ કિલ્લુને નામે કહેવાએલી હડહડતી બદનકશી અસલ મુલ્લાં કાદર હુસેનના ઉરદુ જીવન ચરિત્રમાં છે એમ જણાવવામાં આવે છે. જો તેમ પણ હોય, તોપણ આપણે ઉપર જોયું કે મુલ્લાં કાદર હુસેન આગાખાની ઇસમાઇલી ખોજાઓનો એક જબરદસ્ત વિરોધી હતો, અને એજ રસ્તે પોતાનું ઉદર પોષણ કરતો હતો. ઈસમાઇલી ખોજાઓને ધર્મ ભ્રષ્ટ કરી, ઇસ્નાઅશરી બનાવવાનું મીશન લઇ, તે કરબલા મોઅલ્લામાંથી મુંબઇ આવ્યો હતો. વળી તે શખ્સ ખુની કિલ્લુ તરફની ધર્માંધ મોહબતમાં દીવાનો બની ગયો હતો. કિલ્લુ ખટાઉ તરફની મોહબતના જોશમાં કબરસ્તાનના ગુસલખાનામાં તે દોડી ગયો હતો. એક કરપીણ ખુનીના આત્માને જન્નત તરફ ઉડી જતાં તેણે જોયો હતો, તેમજ એવા કરપીણ ખુનીને તેની મરેલી હાલતમાં અગાઉથી દશ ગણો ખુબસુરત ગણી કાઢયો હતો.

એક કરપીણ ખુનીના આત્માને જન્નતવાસી ધારનાર, તથા તેના મલિન શરીરને બેહદ ખુબસુરત તરીકે જોનાર મુલ્લાં કાદર હુસેનના

લખાણુને અથવા કિલ્લુ જેવા એક જાલમ ખુનીના શબ્દોને કેટલું વજન મળવું જોઇએ, તેનો ખીઆલ કરવો કાંઇ પણ ભારે નથી. મુલ્લાં કાદર હુસેનના ભેજા વાસ્તે હાસ્યજનક એ બાબત છે કે તે ખુનીના આત્માને જન્નતમાં ગએલો તેણે જોયો, છતાં પણ એજ પુસ્તકના પાનાં ૮૦-૮૧ માં જણાવ્યા પ્રમાણે, કમીશનર સાહેબ સાથેની વાતચીતમાં તેજ શખ્સ તેજ કિલ્લુ ખટાઉને એક ગુનેહગાર તરીકે કબુલ રાખે છે, અને તેના ગુનાહ માફ થાય, તે માટે તેની લાશને કરબલા મોઅલ્લામાં મોકલવાની પરવાનગી માંગે છે.

હવે આપણે ફરીથી મૌલાના આગા **શાહ હસનઅલી** અથવા આગા **અલીશાહ** દાતાર માટે, જે ધિક્કાર પાત્ર જુઠાણું ઘડી કાઢવામાં આવ્યું છે, તે બયાન ઉપર પાછા ફરશું. પેહેલાં સવાલ એ ઉભો થાય છે કે જો કિલ્લુની વાત ખરી હોત, તો તે તથા મુલ્લાં કાદર હુસેન બંને જણ મળીને, નામદાર સરકારમાં ફરીયાદ કરીને દાદ મેળવવા કદી પણ ચુકત નહીં. પરંતુ તેઓ તેમ કરી શકયા નહીં હતા. તે પરથી સાબેત થાય છે કે એ લખાણ ધિક્કાર પાત્ર બદનકશી ભરેલું છે.

મુલ્લાં કાદર હુસેનના ઉરદુ જીવન ચરિત્રમાંથી હિદાયત પ્રકાશમાં તરજુમો લીધેલો છે, એવો દેખાવ રજુ કરવામાં આવેલ છે. આ ઠેકાણે અમે કહીશું કે મુલ્લાં કાદર હુસેનની જીંદગી દરમીયાન, કાયદા પૂર્વક જાહેર રીતે, એવું કોઇ ઉરદુ જીવન ચરિત્ર બહાર પડેલું અમોએ અનુભવ્યું નથી. અમે અમારા વાંચનારાઓને આગ્રહ પૂર્વક ભલામણ કરીએ છીએ કે તેઓએ એકાદ પ્રતિનિધી નેમી, તેની મારફતે તપાસ કરાવવી જોઇએ કે એવી કોઇ ઉરદુ કીતાબ, નામદાર સરકારના કાયદા પ્રમાણે, મુંબઇના

કલેકટર સાહેબની ઓફીસમાં હસ્તી ધરાવે છે કે કેમ? અગર કલેકટર સાહેબની ઓફીસમાં એવી કોઈ ઉરદુ કીતાબ આવી ન હોય, તો પછી સાર એ આવશે, કે જો કદાપિ એવી કોઇ ઉરદુ ચોપડી છપાઇ પણ હશે, તોપણ સરકારી કાયદાની વિરૂદ્ધ, ચોરી છુપીથી કોઈ પ્રેસમાં છપાવવામાં આવી હશે, અને તે કીતાબ કાયદાસર પબ્લીકમાં નહીં આવ્યાના કારણસર, તે એક જાતની ખાનગી મીલકત તરીકે ગણી શકાશે. જો આ ઉરદુ કિતાબ ખાનગી મીલકત તરીકે હસ્તી ધરાવતી હોય, તોપણ તેનો ગુજરાતી તરજુમો પબ્લીકમાં લાવવાથી, જે જે બદનકશી ભરેલાં તથા નામદાર સરકારની વફાદાર રૈયતનું દીલ દુખાવનારાં લખાણો હીદાયત પ્રકાશમાં પ્રગટ થવાં પામ્યાં છે, તેને માટે, એ પુસ્તકનો પ્રગટ કર્ત્તા જોખમદાર ઠરવો જોઇએ, એવો અમારો મત છે, કારણકે કિલ્લુ ખટાઉ જેવા કુરપીણ ખુની તથા તેવા ખુનીના આત્માને જનતનો અધીકારી ધારનાર તેના ધર્માંધ મિત્રના નાલાયક અને અધમ વચનોને લાંબી મુદત પછી પબ્લીકમાં મુકવાથી, તેની નિષ્ટાની કસોટી થઈ જાય છે. કાયદો ગમે તેવી રીતે રસ્તો લે, તોપણ અમારો પોતાનો અભિપ્રાય અમે દર્શાવીએ છીએ. અગર મુલ્લાં કાદર હુસેનનું ઉરદુ જીવન ચરિત્ર, કાયદાસર જાહેર રીતે, હસ્તી ધરાવતું પણ હોય, તો પણ મુલ્લાં કાદર હુસેનને ગુજરી જવાને સાત વરસ કરતાં વધારે મુદત પસાર થઈ ગઇ છે, અને એટલા વરસ બાદ હિદાયત પ્રકાશના કર્ત્તાને તેનો ગુજરાતી તરજુમો પબ્લીક કરવામાં શું ભલું પ્રયોજન હતું? બારીકીથી તપાસ કરતાં માલમ પડે છે કે એવું અધમ લખાણ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવામાં કોઇ પણ રીતે પ્રજા સેવા બજાવવામાં આવી નથી, પરંતુ એથી ઉલટું, નામદાર સરકારની વફાદાર અને ઇજતદાર એક મોટી વેપારી કોમના ધાર્મિક

ઉપરી ઇમામોની ઇજતને બટો લગાડનાર લખાણુ ગુજરાતીમાં પ્રગટ કરીને તેણે ઇસમાઈલી કોમના દીલ દુખાવ્યાં છે. આ પ્રમાણે અમારી પોતાની અંગત માન્યતા છે, તો પણ અમારા વાંચનારા દીન બંધુઓ સત્ય અસત્યનો તોલ કરી અમારા અથવા બીજા કોઇના લખાણુ ઉપર ગેરવાજબી રીતે દોરવાઇ નહીં જતાં, પોતાનો સ્વતંત્ર મત બાંધશે. જો તેઓ મોટે ભાગે અમારા મતને મળતા થઇ શકતા હોય, તો તેઓએ કોમના અગ્રેસરો સાથે મળીને, પોતાના માનવંતા ઇમામો તરફ આવા નીચ હુમલા પ્રગટ કરી, અસંખ્ય મુરીદોનું દીલ દુખાવવા માટે, નામદાર સરકાર પાસે, ન્યાય પૂર્વક વાજબી દાદ માંગવા એકદમ તૈયાર થવું જોઈએ. જો આમ કરવામાં આવશે, તો નામદાર ઈનસાફી માયાળુ સરકાર જરૂર આપણને વાજબી ઈનસાફ આપી, આપણાં દુખાએલાં જીગરને શાંતી બખશશે.

સમાપ્ત.